

એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ દ્વારા ધોરણ ૫થી ૮ની વિદ્યાર્થીનીઓને સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. ઈશિતા રતાણી દ્વારા તરુણાવસ્થાની સમસ્યાઓ વિશે માર્ગદર્શન દર્શન અપાયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિદ્યાર્થિનીઓની માતાઓને પણ આમંત્રણ અપાયું હતું.

# બીબીએ કૉલેજ દ્વારા વાડીલાલ કંપનીની ઔદ્યોગિક મુલાકાત



ગાંધીનગર, તા. ૪

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે ગુજરાતની પ્રતિષ્ઠિત આઈસ્ક્રીમ કંપની વાડીલાલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા.આ મુલાકાત દરમ્યાન ૬૭ વિદ્યાર્થીઓન ૩૩-૩૪ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ વિઝિટ ને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ દ્વારા ખૂબ જ સુંદર સહકાર આપવામાં આવ્યો હતો. કંપનીનાં અધિકારી શ્યામ મહેતા તેમજ એચ. આર ઑફીસર, એકાઉન્ટ વિભાગના અધિકારી સહિત તમામ દ્વારા વિદ્યાર્થીઓને, ફાઈનાન્સ, ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કરાયાં હતાં.

સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો માર્ગી દેસાઈ અને ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર રૉટરી ક્લબ દ્વારા ૮મીએ બાલવામાં નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૪

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને સાબરમતી ગેસ લીમીટેડ દ્વારા પ્રજાના હેલ્થકેરના સહયોગથી નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન વિદ્યાર્થી આશ્રમ, ભાગોળ, ગામ-ઉનાવા (બાલવા), ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

તારીખ ૮ સપ્ટેમ્બર ને રવિવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધી આ કેમ્પનું આયોજન કરાયું છે, જેનો લાભ લેવા ઉનાવા અને આસપાસના લોકોને આયોજક સંસ્થાઓ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ કેમ્પમાં વિવધ રોગો માટેના મોટી સંખ્યામાં નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહેવાની છે જેમાં આંખના રોગો, બાળ રોગો, ફેફસાના રોગો, દુખાવાના રોગો, હાડકાના રોગો, હૃદયનાં રોગો, કાન-નાક-ગળાના રોગ, મગજના અને મણકાના રોગો, પેશાબ અને કિડનીના રોગો, દાંતના રોગો, કસરતના નિષ્ણાત, પેટના રોગો, હોમીયોથેરાપી દ્વારા સારવાર, ચામડીના રોગો, સ્ત્રી રોગોના નિષ્ણાત, મણકાના રોગો, અને ડાયાબિટીસના નિષ્ણાત ઉપસ્થિત રહેવાનાં હોઈ આ કેમ્પનો મહતમ લાભ લેવા વિનંતી કરાઈ છે. સમગ્ર કેમ્પમાં મફત દવા. મફત PFT ટેસ્ટ, મફત ECG, મફત લોહીની તપાસ અને નિ:શુલ્ક ચશ્માંનું વિતરણ પણ કરવામાં આવશે.

# એસ. વી. સ્કૂલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ગણેશચતુર્થીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળા પરિવારે બાળકોને ગણપતિ ભગવાનની વાર્તા કહી, તેમનું મહત્વ સમજાવી, ગણેશજીની પૂજા કરી, વિદ્યા ,બુદ્ધિ,તંદુરસ્તી અને સ્વસ્થ જીવનના આશિષની પાઠવ્યા હતા. બાળકોએ 'ગણપતિ બાપા મોરિયા'ના નારા લગાવી,સમગ્ર વાતાવરણને ભક્તિભાવથી તરબોળ કરી દીધું હતું. અંતમાં, તમામ બાળકોને શાળા તરફથી પ્રસાદ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ રીટાબેન પટેલના માર્ગદર્શન નીચે સંપન્ન થયો હતો.

## શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત

# સી.એન આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં નેશનલ સેમિનાર



શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી.એન આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં (કોલેજ વીથ પોન્ટેશિયલ ફોર એક્સલન્સ) અનુદાનિત અને ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને ઈકોનોમિક્સ આયોજીત- **IMPACT OF E-COMMERCE ON RETAIL TRADE IN INDIA** વિષય ઉપર એક દિવસીય નેશનલ સેમિનાર યોજાઈ ગયો. ડૉ.અનિલભાઈ નાયક (વાઈસ ચાન્સેલર. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), ડૉ. નીતીનભાઈ વોરા (ડીન,ગર્વમેન્ટ મેડિકલ કોલેજ,સોલા) નલીનભાઈ શાહ,(મંત્રી, શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી) ડૉ. જયંતકુમાર (પ્રૉફેસર, કોમર્સ ફેકલ્ટી એમ.એસ. યુનિ., વડોદરા), ડૉ. અશ્વીનભાઈ મોદી (કોમર્સ ફેકલ્ટી, હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ) તથા શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો, રાજ્યભરના કોમર્સ- ઈકોનોમિક્સ વિદ્યાશાખાના અધ્યાપક મિત્રો તથા રીસર્ચ ફેલો સેમિનારમાં હાજર રહ્યા હતા.

## જન્મદિને વધામણી



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૫ ૫૨૨૭૯




પ્રફુલ દરજી



હિતેષ શ્રીમાળી
મો. ૯૧૦૬૬ ૧૫૨૧૯



જૈનિલ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



સ્મિત વાગોસણા

# એસ. કે. પટેલ સ્કૂલનાં બાળકોની 'કેમ્પસ વિઝિટ'



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલનાં બાળકોને 'કેમ્પસ વિઝિટ' કરાવવામાં આવી હતી. બાળકોને ગર્લ્સ હોસ્ટેલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અહીં બાળકોને બિસ્કિટ આપવામાં આવ્યાં હતાં તથા તેમને રોટલીનું મશીન, જિમનાં સાધનો અને એડવેંચર ઝોન બતાવવામાં આવ્યો હતો.

# કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવા મહોત્સવ 'સંગત ૨૦૧૯'ની તૈયારીઓનો શુભારંભ



ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના યજમાન પદે કડી સર્વ વિશ્વવિદ્યાલયનો યુવા મહોત્સવ 'સંગત ૨૦૧૯' આગામી તા. ૧૮થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન ગાંધીનગરમાં યોજાઈ રહ્યો છે. ગાંધીનગર અને કડી ખાતેની ૩૨ જેટલી કોલેજોમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ ઉમળકાભેર વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને રેલી માટેની તૈયારીઓનો શુભારંભ કરી દીધો છે. 'સંગત ૨૦૧૯' અંતર્ગત ગૃપ સોંગ, ફોક ડાન્સ, સ્કીટ, ક્લાસિકલ ડાન્સ, કાવ્ય પઠન, માઈમ, એકાંકી, પોસ્ટર મેકિંગ, મેહંદી વગેરે જેવી કુલ ૨૮ સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે.

# શરમાળપણારૂપી ઢાલ

ચંપારણ જનક રાજાની ભૂમિ છે. ચંપારણમાં જેમ આંબાનાં વન છે તેમ ત્યાં સને ૧૯૧૭માં ગળીનાં ખેતરો હતાં. પોતાની જ જમીનના ભાગમાં ચંપારણના ખેડૂતો ગળીનું વાવેતર તેના મૂળ માલિકોને સારુ કરવા કાયદેથી બંધાયેલા હતા. આનું નામ 'તીનકઠિયા' કહેવાતું હતું. વીસ કઠાનો ત્યાંનો એક એકર ને તેમાંથી ત્રણ કઠાનું વાવેતર એનું નામ તીનકઠિયાનો રિવાજ.

મારે કબૂલ કરવું જોઈએ કે હું ત્યાં પહોંચ્યો તેના પહેલાં ચંપારણનાં નામનિશાન જાણતો નહોતો. ગળીનું વાવેતર થાય છે એ ખ્યાલ પણ નહીં જેવો જ હતો. ગળીની ગોટીઓ જોઈ હતી, પણ એ ચંપારણમાં બનતી હતી ને તેને અંગે હજારો ખેડૂતોને દુ:ખ વેઠવું પડતું હતું એની કશી ખબર નહોતી.




રાજકુમાર શુક્લ કરીને ચંપારણના એક ખેડૂત હતા. તેમની ઉપર દુ:ખ પડેલું. એ દુ:ખ એમને કઠતું હતું. પણ તેમને આ ગળીના ડાઘ બધાને સારુ ધોઈ નાખવાની ધગશ પોતાના દુ:ખમાંથી થઈ આવી હતી.

લખનૌની મહાસભામાં હું ગયો ત્યાં આ ખેડૂતે મારો કેડો પકડ્યો. 'વકીલ બાબુ આપકો સબ હાલ બતાયેંગે,' એમ કહેતા જાય ને મને ચંપારણ જવાને નોતરતા જાય.

વકીલ બાબુ તે મારા ચંપારણના પ્રિય સાથી, બિહારના સેવાજીવનના પ્રાણ બ્રજકિશોરબાબુ. તેમને રાજકુમાર શુક્લ મારા તંબૂમાં લાવ્યા. તેમણે કાળું આલપાકાનું અચકન, પાટલૂન વગેરે પહેરેલાં. મારી ઉપર કંઈ સારી છાપ ન પડી. મેં માની લીધું કે ભોળા ખેડૂતોને લૂંટનાર આ કોઈ વકીલ સાહેબ હશે.

મેં ચંપારણનો કિસ્સો તેમની પાસેથી થોડોક સાંભળ્યો. મારા રિવાજ પ્રમાણે મેં જવાબ દીધો, 'જાતે જોયા વિના આ વિષય ઉપર હું કંઈ અભિપ્રાય ન આપી શકું. તમે મહાસભામાં બોલજો. મને તો હમણાં છોડી જે દેજો.' રાજકુમાર શુક્લને મહાસભાની મદદ તો જોઈતી જ હતી. ચંપારણને વિશે મહાસભામાં બ્રજકિશોરબાબુ બોલ્યા ને દિલસોજીનો ઠરાવ પાસ થયો. (ક્રમશ:)



સૌજન્ય : સત્યના પ્રયોગો

# જીવનરૂપી પંથ પરથી અંધકાર દૂર કરનાર તે ગુરુ

**પ્રસંગસર**
**રાઘવજી માધડ**

ગુજરાતમાં સૌ પ્રથમવાર 'મનની મોકળાશ' અંતર્ગત રાજ્યના ૯૫ જેટલા પ્રતિભાવંત શિક્ષકોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. તે પાવક પ્રસંગે ગુરુજનોને વંદન અને અભિનંદન ! આપણા સૌમાં અક્ષરના અજવાળા પાથરનાર અથવાતો જ્ઞાનની જ્યોત પ્રજ્જવલિત કરનાર મૂળ કોઈ હોય તો તે છે આપણા શિક્ષક ! આપણે ત્યાં શિક્ષકને ગુરુનું સ્થાન આપવામાં આવ્યું છે. જીવનરૂપી પંથ પરથી અંધકાર દૂર કરનાર તે ગુરુ, શિક્ષક છે !

આ ગુરુ-શિક્ષક વંદના કરવાનો કાર્યક્રમ એટલે 'શિક્ષક દિન'.એક શિક્ષકમાંથી સર્વોચ્ચ પદ પામ નાર રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિતે ઉજવાતા આ ગુરુવંદના પર્વમાં રાજ્ય સરકાર દ્વારા ગૌરવ સાથે,દબદબાભેર ઉજવણી કરી શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવે છે. અને ખાસ તો તેમના ઉત્તમકાર્યને બિરદાવી અન્ય શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આજના આ વિકાસશીલ યુગમાં શિક્ષણની વિભાવના બદલાઈ રહી છે. સમાજ અને સાંપ્રત સમય ની અપેક્ષા અને જરૂરિયાત મુજબના ખ્યાલો બંધાવા અને ઉદભવવા લાગ્યા છે. ટેકનોલોજીના ધસમસતા પ્રવાહમાં જ્ઞાન-નોલેજ સાથે કૌશલ્ય-સ્કીલ બેઈઝ શિક્ષણની જરૂરિયાત જોર કરવા લાગી છે.આપણે ત્યાં થ્રી એચ એટલે કે હેડ, હાર્ટ અને હેન્ડની કેળવણીનો મહિમા પૂર્વપરાથી રહ્યો છે. પરંતુ આજે સંજોગોવશ વિદ્યા અને વિદ્યાર્થી પરીક્ષાલક્ષી બન્યો છે. ગોખવું,પેપરમાં લખવું... પરીક્ષામાં ઊંચું મેરીટ મેળવવું તે જાણે લક્ષ બન્યું છે.તેથી આ પાયાની કેળવણી ક્યાંક ભૂલવાને ભૂંસાવા લાગી છે.

ખરેખરતો જીવનના ઘડતર અને ગણતરનું શિક્ષણ મળવું જોઈએ.પુસ્તકમાંથી જ્ઞાન અને માહિતી મળે છે.પણ સમજ-આવડત-કૌશલ્યતો અનુભવમાંથી પ્રાપ્ત થાય છે.શિક્ષણનું સાચું અને મુખ્ય કામતો અનુભવ પુરા પાડવાનું છે.અનુભવના આધારે એક ઉત્તમ માણસનું ઘડતર કરવાનું છે.આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે : હું શીખવતો નથી. પણ એવાં સંજોગો પેદા કરું છું, જેમાં વિદ્યાર્થી શીખે છે.

આજકાલ રાષ્ટ્રીય શિક્ષા નીતિ: ૨૦૧૯ના જાહેર કરાયેલા મુસદ્દા ઠીક ઠીક ચર્ચામાં છે. પદ્મવિભૂષણ ડો.કસ્તુરીરંગનના અધ્યક્ષપદે રચાયેલી એક સમિતિ દ્વારા આ શિક્ષણ મુસદ્દો લોકો સમક્ષ રજૂ કરી તેમાં તેમાં સુધારા-વધારા કરવા જણાવાયું હતું. આ મુસદ્દામાં 'શાળા શિક્ષણ'ની વિશદ ચર્ચા કરવામાં આવી છે. તેમાં અમૂર્ત વિચાર પ્રક્રિયા સાથે વિષય શિક્ષણને સ્થાન આપવામાં આવે તેમજ વિદ્યાર્થીને વિશાળ દ્રૂષ્ટી અર્પનારા વિષયોનો પરિચય કરાવવાની બાબતે વિશેષ ધ્યાન આપવા જણાવાયું છે.

પ્રો.ડો.યશપાલના વડપણ હેઠળ 'ભાર વિનાના ભણતર' અંગેની સમિતિ ૧૯૮૬માં રચાઈ હતી. તેનો ઉદેશ્ય હતો :'જીવન પર્યન્ત સ્વયં શિક્ષણ અને કૌશલ્ય નિર્માણની ક્ષમતા સહીત શિક્ષણની ગુણવત્તા સુધારવાની સાથોસાથ તમામ સ્તરે શાળાએ જતા બાળકો, ખાસ કરીને નાનાં બાળકો પરના બોજાને હળવો કરવાના સાધનો અને ઉપયોગની સલાહ આપવી.'તેમાં પણ પ્રવૃત્તિશિક્ષણ દ્વારા કૌશલ્ય નિર્માણ પર ભાર મુકવામાં આવ્યો હતો. પરંતુ ભાર વગરના ભણતરના બદલે ભારવાળું ભણતર બન્યું છે.

એક નજર નાખો રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાએ... રમતગમત ક્ષેત્રે આગવું નામ ઉપસાવી દેશને ગૌરવ આપનારા મહત્તમ આ લોકો છે ! અક્ષરજ્ઞાન કે ભણવામાં એ કદાચ કાચા-પાકા હશે પણ આવા સ્કીલમાં તો તે બરાબર પાક્કા છે. શિક્ષકે આ આવડતને ઓળખી તેને યોગ્ય તક આપવાની દ્રષ્ટિ કેળવવી પડશે.

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે છેલ્લા એક દાયકામાં ખાસ્સો બદલાવ આવ્યો છે. ઉચ્ચ લાયકાતવાળા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. ભૌતિક સુવિધાઓ પણ વધી છે.ખાસ કરી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા માટે સરકાર મહત્તમ પ્રયાસ કરી રહી છે.નામાંકન લગભગ સો ટકાની આસપાસ થવા લાગ્યું છે અને ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટ્યું છે.રાજ્યમાં સ્માર્ટક્લાસરૂમ કાર્યરત છે. તેમાં અભ્યાસક્રમના પ્રશ્નો ઉભા થયા છે. પણ હાલ તો ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તે સારી બાબત છે. ઘણી શાળા અને શિક્ષકોનું કામ ટેકનોલોજીના લીધે છેક રાષ્ટ્રકક્ષા સુધી નોંધનીય બન્યું છે. આ બધું હોવા છતાં વાસ્તવિકતા જરાક જુદી છે.સમાજમાં ચારેકોર બૂમ ઉઠતી રહી છે કે, વિદ્યાર્થી ઓને તેની કક્ષા મુજબ વાંચતા-લખતા નથી આવડતું. આ સ્થિતિ સામે નનૈયો ભણી આંખ આડા કાન થઈ શકે તેમ નથી.દરેક વાલી ઈચ્છે કે, સ્કુલે ગયા પછી પોતાના સંતાનના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન આવે! તેનાં બાળકનો ખાસતો, લખતા-વાંચતા તો આવડવું જોઈએ ને !

સમયની માંગ છે, ગુણવત્તામય શિક્ષણ. ગુણવત્તા-વાળા શિક્ષણ માટે સરકાર છેલ્લા ઘણા વરસોથી કાર્યરત છે. નિત નવા ખતરા-અખતરા કરી રહી છે. પણ હજુ લક્ષ્ય સુધી પહોંચી શકાયું નથી. માત્ર વાવણી કરવાથી મબલખ પાક ઉતરતો નથી. તેની માટે યોગ્ય મહેનત અને માવજત કરવી પડતી હોય છે.

આપણે ત્યાં સૌથી મોટો પ્રશ્ન હોય તો તે પ્રાદેશિક બોલી અને માન્ય ભાષાનો છે. સમગ્ર ગુજરાતમાં નજર નાખો તો કેટ-કેટલી બોલીઓ છે ! આ બોલીઓના લીધે કયાંક શિક્ષક બોલે તે વિદ્યાર્થી સમજે નહી અને વિદ્યાર્થી બોલે તે શિક્ષક સમજે નહી.આ બંને વચ્ચે જે અસરકારક સંવાદ રચાવો જોઈએ તે રચાતો નથી.જ્યાં સુધી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થી અને શિક્ષકની ભણવાની ભાષા એક નહી થાય, એકબીજાને સારી રીતે સમજતા નહી થાય ત્યાં સુધી ગુણવત્તા અપેક્ષા વાંઝણી જ સાબિત થશે.

આજે નબળી અને બિનઅસરકારક ભાષાશિક્ષણના લીધે,બોર્ડની પરીક્ષાઓમાં સૌથી વધારે માતૃ ભાષામાં નાપાસ થતા વિદ્યાર્થીઓની સંખ્યા જોવા મળે છે.આ તકે એ પણ કહેવું, જાણવું જરૂરી છે કે,બોર્ડની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ શાળા શિક્ષણ છોડી જાય છે ક્યાં ? ફરી અભ્યાસમાં જોડાય છે કે પછી બેકારીના ખપ્પરમાં હોમાઈ જાય છે...આ પણ સંશોધન માગી લે તેવો મુદ્દો છે.

હાલ તો સરકાર શિક્ષણ ક્ષેત્રે ઘણું કરી રહી છે તે કહેવું જરાય અતિશયોક્તિ ભર્યું નથી. પણ આ નવું અને ઘણું કરી રહી છે તેના સંદર્ભે પણ સરકારે નવેસરથી વિચારવાનો વખત આવી ગયો છે. જોડો ક્યાં ડંખે છે તે જોડો પહેરનારને પૂછવું પડશે. જોવું, જાણવું પડશે. શિક્ષણમાં ઘણું કર્યું છે...પણ હજુ ઘણું ઘણું કરવાનું બાકી છે.શિક્ષણએ ચેતનાની ખેતી છે.શિક્ષણમાં વાદ-વિવાદ નહી પરંતુ સંવાદ સર્જાવો જોઈએ.

મનની મોકળાશને અઢળક શુભેચ્છાઓ...